તાપમાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૪.૦° સે.	૨૮.૦° સે.
આહવા	૩૮.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૯.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૯.૦° સે.

ચીખલીના પીપલગભાણની મરકી ખાડીમાં કેમિકલ ઠાલવતા તીવ્ર દુર્ગંધ

ધર્મેશ પટેલ

■ ચીખલી તાલુકાના પીપલગભાણ વિસ્તારમાં મરકી ખાડી કોઈકે કેમિકલ ઠાલવતા પાણી દૂષિત થવા સાથે તીવ્ર દુર્ગંધ ફેલાઈ જવા પામી હતી. આ કેમિકલવાળું રંગીન પાણી ઠેઠ તલાવચોરાના ડેન્સા ફળિયા સુધી પહોંચી ગયું હતું ત્યારે સ્થાનિકોની ચિંતા વધી હતી. કેમિકલવાળા પાણીથી જળચર જીવસૃષ્ટિને નુકસાન થવા સાથે ભરઉનાળે ખરા સમયે ખેડૂતો સિંચાઇ માટે પણ પાણીનો ઉપયોગ ન કરી શકે તેવી સ્થિતિ ઊભી થઈ છે. ભૂગર્ભ જળની સ્થિતિ પણ બગડવાની શક્યતા વધી છે.

ચીખલીમાં વરસાદના છાંટાંએ કેરી પકવતા ખેડૂતોને દોડતા કર્યા

પહેલાં શિયાળામાં મંજરીને નુકસાન બાદ ઉનાળામાં મિશ્ર વાતાવરણથી પાકને નુકસાનની ભીતિ

ઘેજ: ચીખલી તાલુકાના કેટલાક વિસ્તારોમાં મધરાત્રે વરસાદના અમીછાંટણા થતાં જગતનો તાત ચિંતાતુર બન્યો છે. તાલુકામાં હજી અંદાજે ૧૫થી ૨૦ ટકા કેરીનો પાક આંબાવાડીઓમાં છે. ત્યારે છેલ્લાં પાંચેક દિવસોથી વાદળો ઘેરાવા સાથે અમીછાંટણા થતાં ખેડૂતો અને વેપારીઓમાં દોડધામ વધી જવા પામી છે.

ચીખલી તાલુકામાં ૭૯૪૪ સહિત નવસારી જિલ્લાના ૬ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૫૩૨૧ હજાર હેક્ટર્સમાં આંબાવાડીઓ આવેલી છે. ચાલુ સીઝને આંબાવાડીઓમાં ૮૦થી ૯૦ ટકા મંજરી ફૂટી હતી, પરંતુ ડિસેમ્બર જાન્યુઆરીમાં ઠંડી, ધુમ્મસના કારણે પાકને નુકસાન થતાં આંબાવાડીઓમાં માંડ ૩૦થી ૩૫ ટકા કેરીનો પાક બચ્યો હતો. આ સ્થિતિ વચ્ચે છેલ્લા કેટલાક દિવસથી સતત વાદળછાયા વાતાવરણના પગલે જગતનો તાત માથે પણ ચિંતાના વાદળો ઘેરાવા પામ્યા છે.

હાલમાં વહેલી સવારે અને સાંજના સમયે સતત વાદળછાયા વાતાવરણ અને દિવસે આકરી ગરમીનું મિશ્ર હવામાન જોવા મળી રહ્યું છે. જેના પગલે કેરીની સિઝન વચ્ચે વાડીમાંથી બધી જ કેરી બેડવી કે માત્ર આંબા ઉપર તૈયાર હોય તેટલી જ કેરી બેડી બાકીની રાખવી તેની અસમંજસતા ખેડૂતોમાં સર્જાઈ રહી છે. હવામાન વિભાગની આગાહીના કારણે સવારે અને મોડી સાંજ પછી સમગ્ર વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. સતત પાંચેક દિવસથી આંબાવાડીના ખેડૂતોની ચિંતામાં વધારો થઈ રહ્યો છે.



હવામાન વિભાગની આગાહીના પગલે કેરી ઉતારવાની દોડધામ

સાદકપોરના ખેડૂત અગ્રણી કિશોરભાઈના જણાવ્યા અનુસાર હવામાન વિભાગની આગાહી મુજબનું વાતાવરણ સર્જાય અને હળવો વરસાદ પણ પડે તો કાદવ સાથે આંબાવાડીમાંથી કેરી બહાર લઈ જવાનું પણ મુશ્કેલ થઈ જાય એમ છે. ચીખલી તાલુકામાં આવેલી આંબાવાડી રાખનાર વેપારી છોટાભાઈના જણાવ્યા અનુસાર હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવતા આંબાવાડીમાંથી ઝડપથી કેરી ઉતરવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જો વરસાદ થાય તો મોટા પ્રમાણમાં કેરીના પાકને નુકસાન જવાની શક્યતા રહેલી છે અને વરસાદના પગલે કેરી બેડવાની પણ તકલીફ ઉભી થશે.

સંક્ષિપ્ત સમાચાર

વાંસદાના વાઘાબારી ગામે ગરીબ બાળકોને શિક્ષણ કિટ વિતરણ કરી જન્મ દિવસની અનોખી ઉજવણી

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના વાઘાબારી ગામે તાપી જિલ્લાના HSB બિલ્ડર્સના હિરેનભાઈ બથવાર દ્વારા પોતાના જન્મ દિવસે ગરીબ તથા માતા-પિતા વિહોણા ૫૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ કિટ, નોટબુક અને અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે જમણવારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

ઉમરગામના કલગામમાં DGVCLના 1260 મીટર વીજ વાયરની ચોરી

ઉમરગામ: ઉમરગામના સરીગામ ગ્રામ્ય સબ ડિવિઝન વિસ્તારમાં આવેલા કલગામ કોસ્ટેલ હાઈવે મારુતિ નંદનવનની બાજુમાં ટાટા એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ખાતે 11 કે.વી ટાટાવાડી ખેતીવાડી ફિટરની હયાત વિજ લાઈનના કુલ 12 પોલ સુધી 55 એમ.એમર સ્ક્વેર ઓલ એલ્યુમિનિયમના કંડક્ટર હયાત વીજલાઈનના વાયરો 1260 મીટર જે એલ્યુમિનિયમ વાયરની કિંમત આશરે રૂપિયા 48,355 મતાની કોઈ ચોર ઈસમો કોઈ કટર જેવા સાધનોથી કાપીને ચોરી કરી નાસી ગયા હતા. ઉમરગામ નારગોલ મરીન પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

હવે સેલવાસ માર્ગે દારૂની હેરફેર, દારૂ ભરેલી કાર ઝડપાઈ

વલસાડ: દમણ માર્ગે કડક પેટ્રોલિંગ હાથ ધરતા હવે સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી વિસ્તારમાંથી દારૂની હેરફેર શરૂ થઈ હોય તેમ નાનાપોંઢા પોલીસે જીરવલ નજીકથી પસાર થતી મારૂતિ વાન (નં. જીજે 15 એડી 6241)ને અટકાવી તપાસ કરતાં તેમાંથી રૂ.1,07,520 ની કિંમતની ટીન બિયરની 336 બોટલો મળી આવી હતી. પોલીસે ચાલક જયેશ ઠાકોરભાઈ પટેલ (રહે., નાની વાલઝર, તા.વાંસદા) ની અટક કરી હતી. પૂછપરછ દરમિયાન બિયરનો જથ્થો કીલવણીથી અજીત નામના ઈસમે બિયર ભરેલી વાન આપી હોવાની કબૂલાત કરી હતી. આ બનાવ અંગે નાનાપોંઢા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આંધ્રપ્રદેશમાં ઘેજની ભૂમિને પાવર લિફ્ટિંગમાં ડેડલિફ્ટમાં ગોલ્ડ

ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી તાલુકાના ઘેજ ગામની આઇટીઆઈની વિદ્યાર્થિની ભુમિ હેમંતભાઈ પટેલે પાવર લિફ્ટિંગમાં ડેડલિફ્ટમાં સબ જૂનિયર કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવી નવો નેશનલ રેકોર્ડ સ્થાપતા પરિવાર અને ગ્રામજનોમાં ગૌરવ સાથે આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી. આંધ્ર પ્રદેશના અમલાપુરમમાં તા.૧૫/૦૫/૨૦૨૬ થી તા.૨૦/૦૫/૨૦૨૬ સુધી યોજાયેલી નેશનલ જૂનિયર-સબ જૂનિયર (પુરુષ-મહિલા) પાવર લિફ્ટિંગમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. આ ઉપરાંત ડેડલિફ્ટમાં સબ જૂનિયર કેટેગરી U-43માં (બોડી વેઇટ-૪૦કિ. ગ્રા.) ૧૧૮ કિ.ગ્રા. ભારતોલન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ગામની દિકરી ભૂમિ પટેલ ની સિદ્ધિ માટે ગામના સરપંચ રાકેશભાઈ, તાલુકા સભ્ય દિસીબેન પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈ પૂર્વ સરપંચ વિનોદભાઈ સહિતનાઓએ પણ ગૌરવ સાથે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

ઊંડાચ ઈંડાં પ્રકરણ: સરપંચ-તલાટી સામે આક્ષેપ, પોલીસ ફરિયાદની માંગ

અસહ્ય દુર્ગંધ અને આરોગ્યને લઈ લોકોમાં રોષ, ઉગ્ર આંદોલનની ચીમકી

બીલીમોરા: ગણદેવી તાલુકાના ઊંડાચ ગામના તરી ફળિયામાં નદીના તટ પર કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ખૂબ જ મોટી માત્રામાં બગડેલા ઈંડા ફેંકી દેવાતા સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. નદીનું પાણી અને લોકઆરોગ્ય જોખમાય તેવી સ્થિતિ પેદા થતાં તાલુકા પંચાયત સભ્ય સેજલકુમાર પટેલે આ અંગેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.

વિડીયો વાયરલ થયા બાદ, પ્રકરણ પર પડદો પાડવાના આશયથી કોઈ અજાણ્યા જેસીબી ચાલકે આવીને ઈંડાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાને બદલે ત્યાં જ ખાડો ખોદીને દાટી દીધા હતા. આ અંગે સરપંચે સ્વીકાર્યું હતું કે જેસીબી ગ્રામ પંચાયતનું હતું. આ સમગ્ર ઘટનામાં સરપંચ અને તલાટી ગુનેગારોને છાવરી રહ્યા હોવાના આક્ષેપ સાથે સેજલકુમાર પટેલે (તાલુકા પંચાયત સભ્ય)એ TDOને લેખિત ફરિયાદ કરી કડક વહીવટી તપાસની અને પોલીસ ફરિયાદની માંગ કરી છે. જો તાકીદે પગલાં નહીં લેવાય તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

કેરસી બારીયા

જો કે આ પ્રકરણમાં કેસલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ પણ ઊંડાચ લુહાર ફળિયાના સરપંચ અને તલાટી કમ મંત્રીને લેખિત પત્ર આપી જણાવ્યું છે કે કોઈક અજાણ્યા દ્વારા સડેલા ઈંડા રેલવે પુલ નજીક નદીના પટમાં નાંખી જવાથી તેની દુર્ગંધથી આજુબાજુના લોકો પુષ્કળ પરેશાન હોય લોકોના આરોગ્યની સુખાકારીને ધ્યાનમાં રાખી સત્વરે તાત્કાલિક ઘટતું કરવા લેખિત પત્ર પાઠવવામાં આવ્યો છે.

મેરેજ એનિવર્સરીની ઉજવણી બાદ અકસ્માત, પતિનું મોત

વાંસદા-ધરમપુર રોડ પર કાર ઝાડ સાથે અથડાઈ, પત્ની-બાળક સહિત ચારને ઈજા

ધરમપુર: વાંસદા-ધરમપુર માર્ગ પર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું જ્યારે પરિવારના પાંચ સભ્ય ઈજાગ્રસ્ત થયા હતા.

નવેરા મોટા ફળિયામાં રહેતા અને મૂળ ખારવેલ વાવ ફળિયા, ધરમપુરના રહેવાસી જીતેન્દ્રભાઈ ધિરૂભાઈ પટેલ (ઉ.વ.૪૩) પોતાના પરિવારજનો સાથે મેરેજ એનિવર્સરી નિમિત્તે વઘઈ-ડાંગ તથા ઉનાઈ ફરવા ગયા હતાં. ત્યારબાદ તેઓ વેગેનઆર કાર (નં. જીજે ૧૫ સીઆર ૪૬૧૩)માં પરત ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન વાંસદા-ધરમપુર રોડ પર ચાલક જીતેન્દ્રભાઈએ કાર પરનો કાબૂ ગુમાવતા કાર રોડની સાઈડમાં ઉતરી જતાં મોટા ઝાડ સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર ધૃતીબેન જીતેન્દ્રભાઈ પટેલને કમરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમની પુત્રી દ્રષ્ટીબેનને કપાળ તથા જમણા પગમાં ઈજા પહોંચી હતી. ઉપરાંત કમલેશભાઈ સુમનભાઈ પટેલના ડાબા પગમાં ફ્રેક્ચર થયું હતું અને શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. રીનાબેન કમલેશભાઈ પટેલને સામાન્ય ઈજાઓ થઈ હતી જ્યારે ધ્રુવીબેનને ગરદનના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તમામને કારમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે જીતેન્દ્રભાઈને ગંભીર ઈજાઓને કારણે સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે ધૃતીબેન પટેલે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આસીફ શેખ

હવે ચોરો સ્ટ્રીટ લાઈટ પણ છોડતા નથી

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના ભીનાર ગામે હાઈવે પર આવેલા સર્કલ મુકવામાં આવેલી હાઈમસ્ટ ટાવરની સ્ટ્રીટ લાઈટ ચોરાઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે, અજાણ્યા ચોરટાઓએ રાત્રિના અંધકારનો લાભ લઈ હાઈમસ્ટ ટાવર પરથી ત્રણ સ્ટ્રીટ લાઈટ કાઢી લઈ ફરાર થઈ ગયા હતા. જેના કારણે સર્કલ વિસ્તાર ફરી અંધકારમય બનતા વાહનચાલકોને ભારે હાલાકી સાથે રાત્રે વાહન ચલાવવું મુશ્કેલ પડી રહ્યું છે.

'નેતાનું મૂલ્યાંકન ધર્મથી નહીં પરંતુ કર્મથી થવું જોઈએ'

ડાંગ જિ. પં.નાં પ્રમુખ રાજેશભાઈ ગામીતે અર્ધનારેશ્વર નાગ જ્યોતિર્લિંગ ખાતે આશીર્વાદ મેળવ્યાં

સાપુતારા: ડાંગના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક ભાવનાઓને ઉશ્કેરી પોતાના રાજકીય સ્વાર્થ સિદ્ધ કરવાનો પ્રયાસ કરતી માનસિકતા સામે હવે જનતામાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતની પસંદગી બાદ કેટલાક અસંતોષી તત્ત્વોએ તેઓ ખ્રિસ્તી ધર્મ પાળતા હોવાની વાતને આગળ ધપાવી હિન્દૂ સંગઠનોમાં વિરોધ ઊભો થશે તેવી અફવાઓ ફેલાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જોકે ડાંગ જિલ્લા પંચાયતનાં નવ નિયુક્ત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પોતાના વર્તન અને કાર્યશૈલી દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે વિકાસ, સેવા અને લોકહિત માટે કાર્ય કરનાર નેતાનું મૂલ્યાંકન ધર્મથી નહીં પરંતુ કર્મથી થવું જોઈએ. રાજેશભાઈ ગામીત જિ. પં.ના પ્રમુખ તરીકે જાહેર થયા બાદ સીધા ડાંગ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અર્ધનારેશ્વર નાગ જ્યોતિર્લિંગ ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે પૂજ્ય અનેકરૂપી મહારાજના આશીર્વાદ મેળવી સમાજમાં એકતા અને સૌહાર્દનો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો. ડાંગ જિલ્લાના 311 ગામમાં હનુમાનજી મંદિરોના નિર્માણ માટે જાણીતા પૂજ્ય પીપી સ્વામીના પણ આશીર્વાદ મેળવી વિરોધીઓને મૌન જવાબ આપ્યો હતો.

ચીખલીના ઘેકટી ગામે 6 જુગારી ઝડપાયા, 1.59 લાખની મતા કબજે

ઘેજ: ચીખલી પોલીસે ઘેકટી ગામના નિશાળ ફળિયામાં સ્મશાન ભૂમિની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા છને ઝડપી પાડ્યા હતા. જેમાં સંજય ભીખુ પટેલ (રહે., આંતલિયા ચાર રસ્તા, તા.ગણદેવી), નરેન્દ્ર રમેશ પટેલ (રહે., ઘેકટી પહાડ ફળિયા), નરેશ ઝીણા પટેલ (રહે., વંકાલ વજીફા ફળિયા), રમેશ છના પટેલ તથા ધનસુખ પટેલ (બંને રહે., ઘેકટી નિશાળ ફળિયા, તા.ચીખલી), ચંદ્રકાંત દિનેશ પટેલ (રહે., આંતલિયા વાણિયામીલ સ્કૂલની બાજુમાં, તા.ગણદેવીનો સમાવેશ થાય છે. જ્યારે વાસુ રાકેશ પટેલ, રવિ સુરેશ નાયકા પટેલ (બંને રહે., ઘેકટી પહાડ ફળિયા) ને વોન્ટેડ જાહેર કરી રૂ.1,59,920ની મતા કબજે કરી તપાસ હાથ ધરી હતી.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

વેડ રોડ શાખા : દુકાન નં.૧૪ થી ૧૯, સીલ્વર સ્ટોન આર્કેડ, સીંગણપોર, સુરત. ફોન : ૦૨૬૧-૨૫૧૪૭૦૦/૮૦૦
E-mail : vedsur@bankofbaroda.com

(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ, **૧) મેસર્સ વિધી ક્રિએશન (એક ભાગીદારી પેઢી),**
પ્લોટ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી, સુરત- ૩૯૫૦૦૪.
૨) શ્રી મહેશભાઈ ઓધવજીભાઈ નાવડીયા (માલિક)
૩) શ્રીમતી સંગીતાબેન મહેશભાઈ નાવડીયા (જામીનદાર)
ફલેટ નં. એ-૧૩૦૨, સુકન સ્કાય, ડભોલી લીંક રોડ, સીંગણપોર, સુરત- ૩૯૫૦૦૪.

મહેરબાનશ્રી,
વિષય : અમારી વેડ રોડ શાખા માંથી કેડીટ સુવિધા અંગે.
અમારા **તા.૧૮.૦૨.૨૦૨૬** ના પત્ર ક્રમાંક **BOB/MSME/VED ROAD/2025-26**માં બેંકની બાકી અંગે ના સંદર્ભમાં કેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને કેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/કેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર હાલનો	૧૭.૦૫.૨૦૨૬ ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન ખાતા નં. ૩૩૬૯૦ ૬૦૦૦૦ ૫૮૮૧	રૂ. ૪૮,૬૦,૦૦૦/-	૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું	**રૂ.૩૫,૫૦,૨૦૮.૨૨ મુળ રકમ +** લાગુ નહી કરેલ વ્યાજ **રૂ.૩૩૦૫૭.૪૩** + અનસર્વિસ્ડ વ્યાજ **રૂ.૦૦** + ચક્રવૃદ્ધિ વ્યાજ **રૂ.૦૦** = **રૂ.૩૫,૮૩,૨૬૫.૬૫**+વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	કંપનીના વર્તમાન અને ભવિષ્યના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ, પેકિંગ મટીરીયલ્સ, ફિનીશ્ડ માલ અને બુક-ડેબ્ટ્સનું ફેકટરી ની જગ્યામાં હાઈપોથીકેશન થયેલ છે.
કેશ કેડિટ લોન ખાતા ૩૩૬૯૦ ૫૦૦૦૦ ૦૦૫૭	રૂ. ૧૦,૦૦,૦૦૦/-	૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું	**રૂ.૯,૯૭,૮૫૧.૯૨ મુળ રકમ +** લાગુ નહી કરેલ વ્યાજ **રૂ.૬૫૦૭.૯૮** + અનસર્વિસ્ડ વ્યાજ**રૂ.૦૦** + રૂ. ૨૬૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂ.૧૦,૦૪,૬૧૯.૯ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	
કુલ :	રૂ. ૫૮,૬૦,૦૦૦/-		રૂ.૪૫,૮૭,૮૮૫.૫૫ + વ્યાજઅને તેના પર અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : પ્લોટ નં. ૯, ૧૦, ૧૧, અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી ખાતે આવેલ કંપનીના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ પેકિંગ મટીરીયલ્સ, ફિનિશ્ડ ગુડ્સ અને બુક- ડેબ્ટસનું હાઈપોથીકેશન થયેલ છે.
૧) તમારામાંથી ૧ અને ૨ દસ્તાવેજોના આધારે જવાબદારી સ્વાકારી છે. અને તમારા માંથી ૩ એ **તા.૧૮.૦૨.૨૦૧૬** ના રોજ બેંકની રકમ **રૂ.૫૮,૬૦,૦૦૦/-** બેંકની ગાઈડલાઈન મુજબ બેંક ના અન્ય ચાર્જીસની જવાબદારી સ્વીકારી છે.૨) તમે જાણો છો કે તમે ઉપરોક્ત કેડિટ સુવિધાઓમાં કસુર કર્યો છે.(ઉપરોક્ત નાણાંકીય સહાય/ ક્રેડિટ સુવિધાઓનું સંચાલન અને સંચાલન અનિયમિત થઈ ગયુ છે) તે મુજબ **માર્ચ-૨૦૨૬** ના રોજ પૂરા થયેલ ત્રીમાસિકમાં ગાળા માટે ઉપરોક્ત ખાતા ને **૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન પર્ફોમિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. **૩)** તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૪)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૪૫૮૭૮૮૫.૫૫/- + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૫)** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૬)** તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૮)** કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૨૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, વેડ રોડ શાખા, બેંક ઓફ બરોડા.**

નવસારીના તીઘરાના મુખ્ય માર્ગમાં ખાડા રાજ, લોકોમાં રોષ

પાઇપલાઇનની કામગીરી બાદ અધૂરો છોડાયેલો માર્ગ અકસ્માતોને આપી રહ્યો છે આમંત્રણ

ચોમાસા પહેલાં તાત્કાલિક રોડ નિર્માણ નહીં થાય તો સ્થિતિ ગંભીર બનવાની ભીતિ

નવસારી: નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૩ હેઠળ આવેલા તીઘરા વિસ્તારમાં મુખ્ય માર્ગની હાલત અત્યંત ખરાબ બનતાં સ્થાનિકોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. થોડા સમય પહેલાં પાણીની પાઇપલાઇન નાંખવા માટે ખોદવામાં આવેલા માર્ગ આજે પણ સમારકામની રાહ જોઈ રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર માર્ગ પર સતત ભારે વાહન વ્યવહાર રહેતા ખાડાઓ વધુ મોટા બન્યા છે. પરિણામે બાઈકચાલકો, કારચાલકો તેમજ રાહદારીઓને રોજિંદી અવરજવર દરમિયાન ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણી વખત વાહનો સંતુલન ગુમાવી અકસ્માત જેવી સ્થિતિ પણ સર્જાઈ રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. વિસ્તારના રહીશોમાં વરસાદી પાણી ભરાયા બાદ માર્ગ સંપૂર્ણપણે જોખમી બની જશે અને સામાન્ય અવરજવર પણ મુશ્કેલ બનશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે જો સમયસર નવો રસ્તો નહીં બનાવાય તો કટોકટીની પરિસ્થિતિમાં એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય તાત્કાલિક સેવાઓ પણ અસરગ્રસ્ત બની શકે છે. રોજગારી માટે બહાર જતાં લોકો અને શાળાએ જતા બાળકોને હાલ સૌથી વધુ હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિકોએ તંત્ર સામે આક્ષેપ કર્યો છે કે કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય પુનઃનિર્માણ કરવામાં આવ્યું નથી. સ્થાનિક રહીશોએ ચોમાસા પહેલા તાત્કાલિક ધોરણે માર્ગનું નવીનીકરણ કરીને લોકોને સુરક્ષિત અને સુવિધાજનક અવરજવર ઉપલબ્ધ કરાવવા માંગ ઉઠાવી છે.

કપરાડા તાલુકામાં સમસ્યાઓ મુદ્દે મામલતદારને રજૂઆત

વલસાડ: કપરાડા તાલુકાની વિવિધ સમસ્યાઓ મુદ્દે સમસ્ત આદિવાસી સમાજ કપરાડાના આગેવાન જયેન્દ્ર ગાંવિતની આગેવાનીમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી ગ્રામ્ય સડક યોજના, વડાપ્રધાન સડક યોજના, તાલુકા વિકાસ તથા જિલ્લા વિકાસના એટીવિટી, સ્ટેમ્પ ડ્યુટી, કિશાનપથ સહિત વિવિધ યોજનામાંથી બનાવેલ રસ્તાઓ ખાડાઓથી ભરપૂર હોય બનાવવાની માંગણી કરાઈ છે. જો માર્ગો ચોમાસા અગાઉ ન બનશે તો લોકો મુશ્કેલીમાં મુકાશે. જેથી ચોમાસા અગાઉ માર્ગોનું રિપેરિંગ કામ શરૂ કરવામાં આવે તે જરૂરી છે.

(ભારત સરકાર, નાણા મંત્રાલય)
ઋણ વસૂલી અધિકરણ-II
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ, ગુજરાત

ફોર્મ નં. ૨૨(અગાઉ ૬૨) [ડીઆરટી રેગ્યુલેશન ૨૦૧૫ નું રેગ્યુલેશન ૩૬ અને ૩૭) (આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૫૨(૧)(૨)] ઋણ વસૂલી અને બેંક અને નાણાકીય સંસ્થાના એક્ટ ૧૯૯૩ સાથે વંચાણે લઈ

ઈ-હરાજી / વેચાણ નોટીસ
રજી. નં. એડી/દસ્તી/એફિકસેશન/ બીટ ઓફ ડ્રમ / પબ્લીકેશન

ટી.આર.પી./ટી.આર.સી. નં.	૩૧/૨૦૨૩	ઓ.એ. નં.	૪૮૧/૨૦૧૭
સર્ટિફિકેટ ધારક બેંક		બેંક ઓફ ઈન્ડિયા	
	વિરૂદ્ધ		
સર્ટિફિકેટ ઉધારકર્તા		કનેરીયા ગ્રેનાઈટ લીમીટેડ અને અન્યો	

પ્રતિ
પ્રમાણિત દેવાદાર નં.૧ : કનેરીયા ગ્રેનાઈટ લિમીટેડ. ભુતપૂર્વ ગ્રોમેર ગ્લાસ અને સીરામીક પી. લિમીટેડ, રજીસ્ટર્ડ ઓફિસ : ૬૦૨/એ/૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧
અને યુનિટ ધરાવતી મુ. : પ્લોટ નં. ૩-એ, રે. સ. નં. ૩ મોજે ગામ. વડદલા, દહેજ બંદર રોડ, તા. વાગરા, જી.ભરૂચ.
પ્રમાણિત દેવાદાર નં.૨ : શ્રી અનિલ દુદાભાઈ કનેરીયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૩ : શ્રી મનોજ દુદાભાઈ કનેરીયા : રહેઠાણ : ૪૦૩, મુરૂલીધર એપાર્ટમેન્ટ, સીટીલાઈટ રોડ, અઠવાલાઈન, સુરત.
પ્રમાણિત દેવાદાર નં.૪ : શ્રી જેન્તી વસારામ મોડિયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૫ : શ્રીમતી શિતલ અનિલ કનેરીયા : રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૬ : મેસર્સ વિવેકાનંદ એન્ટરપ્રાઈઝ : રહેઠાણ : સીટી સર્વે નં. ૧ બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧.
પ્રમાણિત દેવાદાર નં.૭ : મેસર્સ ઓપેલ ગ્લાસ અને સીરામિકસ : રહેઠાણ મુ. : સીટી સર્વે નં. ૧, બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧

અહીં દર્શાવેલ પ્રમાણિત દેવાદાર નં.૧ થી ૭ **રૂ.૧૧૬,૫૧,૩૩,૨૩૯.૭૦ (અંકે રૂપિયા એકસો સોળ કરોડ એકાવન લાખ તેત્રીસ હજાર બસો ઓગણત્રીસ અને સીત્તેર પૈસા પુરા)** તા.૧૫.૦૪.૨૦૧૭ ના રોજના વ્યાજ સહિત ચુકવવામાં અસફળ થયા હોય, **તા.૦૧.૦૨.૨૦૨૦** ના રોજના ચુકાદા અને હુકમ અનુસાર **ઓ.એ-નં.૪૮૧/૨૦૧૭** થી પસાર થયેલ મારા **તા.૦૨.૦૫.૨૦૨૬** ના હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકતો ઉપરોક્ત મેટર માટે ઈ-હરાજીથી વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ઓનલાઈન, ઈ-હરાજી : https://baanknet.com ઉપર થી થશે.

લોટ નં.	મિલકતની વિગત	અનામત કિંમત (રાઉન્ડ ઓફ)	ઈએમડી ૧૦% (રાઉન્ડ ઓફ)
૧	મિલકત કે જે જૂનો સર્વે નં. ૦૫, નવો સર્વે નં. ૮૧, 'કનેરીયા ગ્રેનાઈટ લીમીટેડ' રીલાઈન્સ પેટ્રોલ પંપ પાછળ, યુપીએલ લિમીટેડ, દહેજ જી.આઈ.ડી.સી રોડ, વડદલા - ૩૯૨૧૩૦, તા. વાગરા, જી. ભરૂચ.	રૂ.૧૪૪.૦૦ લાખ	રૂ.૧૪.૪૦ લાખ
૨	તિરૂપતી પ્લાઝા, એ-વિંગ, ૬ઠો માળ, ઓફિસ નં. ૬૦૬, સુડા ભવન બાજુ માં, ગર્લ્સ પોલીટેકનીક કોલેજ નજીક, નાનપુરા -૩૯૫૦૦૧, તા અને જી. સુરત.	રૂ.૪૩.૫૦ લાખ	રૂ.૦૪.૩૫ લાખ

* અહેવાલ મુજબ લોટ નં. ૨ ના સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન ના રૂા. ૨૯૮૩૯૫ (અંદાજે).
નોંધ : ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ દ્વારા બેંકનેટ વોલેટ એટલે કે Website : https://baanknet.com માં જમા કરવાનો રહેશે. સૌથી વધુ બિડ કરનારે તેની અંતિમ બિડની રકમના ૨૫% બેંકનેટ વોલેટમાં પહેલાથી ચૂકવેલ ઈએમડીના એડજેસ્ટમેન્ટ પછી તરત જ આગામી બેંકના કામકાજના દિવસે માં આરટીજીએસ/એનઈએફટી દ્વારા જમા કરાવવાની રહેશે.

Bank Name & Address :	Bank of India, Asset Recovery Branch (ARB) Surat,C.O Bank of india, 5th Floor, Lalgate, Kanpith, Surat- 395003
Account Name	Bank of india
Beneficiary Account No. :	292090200000033
IFSC Code :	BKID0002920
Branch	Asset Recovery Branch, Surat

(૧) બોલી વધારાની રકમ રૂા.૧,૦૦,૦૦૦/- લોટ ૧ અને રૂા. ૧૦,૦૦૦/- લોટ નં. ૨ માટે. (૨) ઈચ્છુક બીડરો ઓનલાઈન ટ્રેનીંગ માટે સર્વિસ પ્રોવાઈડર PSB Alliance (BAANKNET Auction Portal) (Tel Helpline No. +91 8291220220 અને શ્રી કશ્યપ પટેલ (Mobile No.9327493060), Helpline E-mail ID : support.BAANKNET@psballiance.com અને અન્ય મિલકત માટે સંપર્ક કરો શ્રી નરેશ રામભાઈ મકવાણા (મો નં. ૯૯૨૪૮૬૯૭૬૮)(૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે તેમની બીડ રજુ કરતા પહેલા વેચાણ અંગેના નિયમો અને શરતો અને પ્રક્રિયા વિગતે જાણવા માટે વેબસાઈટ **https:// baanknet.com** જુઓ. (૪) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે હરાજીની કાર્યવાહી પૂર્ણ થતા તરત જ ૨૫% રકમ (ઈએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને ૭૫% રકમ ની ચુકવણી ૧૫ દિવસમાં કરવાની રહેશે. જો પંદરમો દિવસ રવિવાર અથવા કોઈ અન્ય રજાનો દિવસ હોય તો ત્યાર પછીના બેંકના કામકાજના દિવસે ચુકવવાના રહેશે. સમય વધારી આપવા માટેને કોઈપણ રજુઆત માન્ય રહેશે નહી. (૫) આ હરાજીમાં મુકેલ મિલકતો 'જ્યાં છે ત્યાં છે', 'જે છે તે છે' અને 'જેમ છે તેમ' ના ધોરણે કરવામાં આવશે. (૬) હરાજીની વિગતો નીચે મુજબ છે.

હરાજીની વિગતો

૧	મિલકતોનુ નિરીક્ષણ	૨૨/૦૬/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦ સુધી
૨	ઈએમડી સાથે બીડ સ્વીકારવાની અને પેમેન્ટ ના પ્રકારના પુરાવા સાથે ડોક્યુમેન્ટ્સ અપલોડીંગ કરવાની છેલ્લી તારીખ	૦૭/૦૭/૨૦૨૬ સાંજે ૦૫.૦૦ સુધી
૩	ઈ-હરાજી	૦૮/૦૭/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન (નિયમ મુજબના ઓટોમેટીક ૦૩ મિનીટના વધારા સાથે ઈ-હરાજીની પૂર્ણતા સુધી)

(અનુભા દુબે) રીકવરી ઓફિસર-I,
ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II, અમદાવાદ